સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

લોભ-લાલચે પટાવી, ધાર્યા ચૂકાદા પડાવી લ્યો!
કોલેજીયમના લાલ કપડે ગોધા લડાવી લ્યો !
રડાવી દો ન્યાયદેવીને જ હથિયાર બનાવી -
'સુપ્રીમ'ની ઓથે 'સુપ્રીમ'ને જ ફાંફે ચડાવી દો !
(કૂટનીતિ)

હાઈકુ

આફત ને જ,
અવસર બનાવી -
પડાવો ફોટા!
(પ્રચાર સાધન જેસીબી)

આપો ઉત્સવ !
પ્રજા જાગે કે તૂર્ત -
ઘેનની ગોળી ?!
(ફ્લોપ કાર્યક્રમોની હારમાળા)

ચિંતન

ગોત્રસ્થિતિં ન મુલ્વન્તિ સદા સન્નતિમાશ્રિતઃ ।
ઉદન્વન્તશ્ચ સન્તશ્ચ મહાસત્ત્વયા તથા ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

સમુદ્ર અને સતપુરુષ બંને સરખા છે. સમુદ્ર સદા સન્નતિ-પૃથ્વી કરતાં નીચાણવાળા સ્થાનમાં રહેલો છે. સત્પુરુષો સદા સન્નતિ-નમ્રતા ધારણ કરનારા છે, સમુદ્ર - મહાસત્વ મોટા ધૈર્ય અથવા મહાપ્રભાવ વાળા છે. સમુદ્ર ગોત્રસ્થિતિ પોતાનામાં રહેલા પર્વતોને છોડી દેતો નથી. સત્પુરુષો પોતાની ગોત્રસ્થિતિ કૂળ મર્યાદા ને છોડી દેતા નથી.

આપણે સૌ પ્રાચીન ઋષિમુનિઓના સંતાન છીએ. સાત - ઋષિના કુળને ગોત્ર કહેવાય છે. એ કુળના સંસ્કાર મર્યાદામાં રહીને જ જીવન સંસ્કાર થવા જોઈએ. સંસારી પ્રવૃત્તિઓ થવી જોઈએ અને ઋષિકુળની મર્યાદાનું પાલન થવું જોઈએ. દરેક વ્યક્તિને પોતાનું 'ગોત્ર' જરૂરથી જાણી રાખવું જોઈએ.

સુવિચાર

- વૃદ્ધાવસ્થા આપણા ચહેરા પર કરચલીઓ મૂકે છે એના કરતાં વધુ કરચલીઓ આપણા ચિત્તમાં મૂકે છે - **સંત મિશેલ**
- માણસે ઈરાદાપૂર્વક જીવવું જોઈએ. અર્થશૂન્ય જીવન એટલે જીવનશૂન્ય આયખું, આવું આયખું અધ્યાત્મવિરોધી દુર્ઘટના ગણાય - **થોરો**
- બેઠાડું જીવન અને રોગ વચ્ચેનું અંતર કેટલું ?? દૂધના માવા અને પેંડા વચ્ચે હોય તેટલું - **ગુણવંત શાહ**
- જેની તૃષ્ણા વિશાળ હોય તે જ ગરીબ છે. બાકી મન સંતુષ્ઠ હોય તો કોણ ધનિક અને કોણ ગરીબ - **ભર્તુહરિ**
- સંસારમાં જે દુઃખી છે તે કેવળ પોતાના જ સુખની ખેવનાને કારણે દુઃખી છે અને જે સુખી છે તે અન્યના સુખની પરવા કરવાને કારણે સુખી છે - **સંસ્કૃત સુભાષિત**
- બધા માનવસંબંધો, બધી વૃત્તિ - પ્રવૃત્તિઓ અને બધાં જ વળગણો ખરી પડે પછી જે બચે તે જ ખરેખર આપણું છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ભીલામાના ફળને આંબલી સાથે વાટી તેમાં ડુંગળીનો રસ ભેળવી પીવાથી પાંચ મિનિટમાં જ ઝાડા-ઉલ્ટી બંધ થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

હરિ ૐ આશ્રમના સંસ્થાપક પૂજ્ય મોટા એક વખત સુરત ગયા હતા. સુરતની સાંકડી શેરીમાં બપોરે બે વાગે ચાલતા ચાલતા જતા હતા ત્યાં એક મકાનના બીજા માળેથી તપેલી ભરીને એક સ્ત્રીએ એંઠવાડ ફેંક્યો. જે મોટા પર પડ્યો.

બીજે માળે ઉભેલી પેલી સ્ત્રીને ખ્યાલ જ ન હતો કે નીચેથી કોઈ પસાર થઈ રહ્યું છે. સ્ત્રીને ભૂલનો અહેસાસ થયો. એને થયું કે જેની પર એંઠવાડ પડ્યો છે એ માણસ ઉપર આવીને ચોક્કસ એની સાથે ઝઘડો કરશે.

પણ... બન્યું એનાથી સાવ ઉલ્ટું જ. ગુસ્સે થઈને સ્ત્રીને જેમફાવે તેમ બોલવાને બદલે પૂજ્ય મોટાએ તે સ્ત્રીને કહ્યું, 'બહેન, મારા પર એંઠવાડ ફેંકીને એંઠવાડ પ્રત્યેની મારી ચાલી આવતી સૂગ નષ્ટ કરીને તમે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે ! તમારો આ ઉપકાંર હું જિંદગીભર ભૂલી શકું તેમ નથી!'

પેલી સ્ત્રીને ખ્યાલ આવ્યો કે આ વ્યક્તિ તો 'પૂજ્ય મોટા' છે ત્યારે તે રોવા લાગી અને ચરણમાં પડી માફી માંગી ત્યારે મોટા એ કહ્યું, 'બહેન, હવેથી જોયા વિના એંઠવાડ ફેંકશો નહિ.'

ગાયમાતા પર રાજકારણ ના કરીએ

તંત્રીસ્થાનેથી...

ગાય એ દેશનું સાંસ્કૃતિક પ્રતીક છે. ભલે હિંદુઓ જ અને જૈન-શીખો જેવા સનાતન (હિંદુ) ધર્મમાંથી છૂટા પડેલા ધર્મ-સંપ્રદાયોમાં જ એને માતાનું ગૌરવ પ્રાપ્ત થયું હોય પરંતુ સાંસ્કૃતિક દૃષ્ટિએ ગાય અને ગાયના જણ્યા બળદનો ભારતનાં અર્થતંત્ર તથા વિકાસમાં અનન્ય ફાળો છે. સ્વામી દયાનંદ સરસ્વતીએ ૧૮૫૭ના નિષ્ફળ ગયેલા સ્વાતંત્ર્ય સંગ્રામ પછી તત્કાલીન સામ્રાજ્ઞી વિકટોરીયાને ગાયની આસપાસ ફેરફુદરડી ફરતું અર્થશાસ્ત્ર સમજાવવાનો મનસૂબો સેવ્યો હતો, પરંતુ એમને અંગ્રેજી ભાષા નહીં આવડતી હોઈ રૂબરૂ મુલાકાત કરી શક્યા ન હતા. ગાય, ગંગા અને ગીતાની ત્રિવેદી એ ભારતીયતાની સર્વાશ્લેષી ઓળખ છે. આથી કોઈ એક ધર્મ સાથે સાંકળીને ગાય પર રાજકારણ કરવું એ એક પ્રકારનો રાષ્ટ્રદ્રોહ જ ગણવો જોઈએ. હમણાં બનાસકાંઠાની ગૌશાળાઓ વિશે ઘણી બધી વાતો બહાર આવી રહી છે. સાથે જ છેલ્લાં સત્તર વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ ગૌશાળાઓને કશી જ મદદ નહીં કરતી હોવાની વાત પણ બહાર આવી છે.

ગાયના નામે વોટબેંક ઊભી કરવાના કારસા થતા રહ્યા છે પરંતુ ગાયને જિવાડવા મથતા મહાજનોને મદદ કરવામાં સરકાર ઊણી ઊતરી છે તો ખૂબ જ શરમજનક બાબત છે. કોંગ્રેસે ગાયના નામે રાજકારણ નથી કર્યું એમ કહેવું અર્ધસત્ય જ લેખાશે. ઈંદિરા ગાંધીએ કોંગ્રેસના ભાગલા પછી પોતાની પાર્ટીનું પ્રતીક જ ગાય વાછરડું રાખેલું તે ન ભૂલવું ઘટે. એથીય પહેલાં પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઈ પટેલની મૂળ કોંગ્રેસનું પ્રતીક બે બળદની જોડી હતું. અલબત્ત, એમાં ભારતના ખેડૂતોને રીઝવવાનું રાજકારણ હોઈ શકે. પરંતુ એટલું સાચું કે કોંગ્રેસ જયારે જયારે પણ દુષ્કાળ જેવી સ્થિતિ સરજાઈ ત્યારે 'કેટલ કેમ્પ' ચાલુ કરવામાં વિલંબ નહોતો કર્યો. અમરસિંહ ચૌધરીના શાસનકાળમાં લાગલગાટ ત્રણ દુકાળિયાં વર્ષ આવ્યા ત્યારે ગુજરાત - સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર આવા કેટલ કેમ્પ શરુ કરાયા હતા. જેનું સ્થાનિક સ્તરે જૈન અગ્રણી અને અમદાવાદના પૂર્વ મેયર વાડીલાલ કામદારને સૂત્ર સંચાલન સોંપાયું હતું. અહમદ પટેલ એમને ભરપૂર સહાય ઉપલબ્ધ કરાવતા હતા. આજે ગૌવંશ માટે ઊંડી લાગણી ધરાવતી પાર્ટીના નેતાઓ કેન્દ્ર અને રાજયમાં શાસનની ધુરા સંભાળી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રી તો સ્વયં જૈન શ્રેષ્ઠી છે. દેખીતી રીતે એમના તંત્ર દ્વારા ગૌશાળાઓની ઉપેક્ષા થતી વરતાય તો તે મોટી વિડંબના જ ગણાય. આશા રાખીએ કે ગૌશાળાઓને બ્યુરોક્રેટ્સની ધાકમાંથી મુક્ત કરી ઉદાર સહાય પહોંચાડાશે. રસ્તાઓ પર છુટ્ટી મૂકેલી ગાયો વેળાસર એમના મૂળ સરનામે પાછી વળે તે જોવાની ફરજ સરકાર ઉપરાંત ગૌપ્રેમી મહાજનોની પણ છે. ગાયના નામે રાજકારણ કે ત્રાગાં થાય તે બેઉ નિંદનીય બાબતો ગણાવી જોઈએ.

સંબંધોની યથાર્થતા અને વિશ્વાસનીયતા યોગ્ય પ્રત્યાયન પર નિર્ભર છે

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'ત્રીસ હજાર સૈનિકો છે.' એક જણ બોલ્યો.

'ના...ના... વીસ હજાર સૈનિકો છે.' બીજાએ સૂર પૂરાવ્યો.

'અરે ભાઈ.... ત્રણ લાખ પચ્ચીસ હજારની વાત છે.'

'હોય... કંઈ.... મેં સાંભળ્યું છે ત્રણ લાખ છવ્વીસ હજાર નવસો બેતાલીસ સૈનિકો હતા.' ત્રીજા સભ્યએ સ્પષ્ટતા કરી.

પોતાના બાળકની ચિંતા અને ચિંતન કરનારા કેટલાક ક્રિએટીવ પેરેન્ટ્સને ગયા મહિને મળવાનું થયું. સેમિનારની શરૂઆતમાં થોડીક ઔપચારિક વાતો કરીને, મેં એક રમત રમાડવાનું નક્કી કર્યું. સૌ તે માટે તૈયાર હતા. બાળક વિશે વિચારવા માટે કે બાળકના વિકાસ માટે બાળક જેવા થવું જરૂરી હોય છે. હોલમાં ખુરશી પર બેઠાં બેઠાં જ રમવાની આ રમતમાં પહેલી વ્યકિતનાં કાનમાં એક સંપૂર્ણ વાકય કહેવામાં આવે. પછી તે બાજુમાં બેઠેલ વ્યકિતના કાનમાં અને પછી તે તેની બાજુમાં બેઠેલ વ્યકિતના કાનમાં તે વાક્ય બોલે અને તેમ કરતાં સેમિનારમાં હાજર તમામ વ્યકિતઓ રમતમાં ભાગ લે. રમતને અંતે છેલ્લી વ્યકિતને પૂછવામાં આવે કે હવે તમે સાંભળેલું વાકય માઈકમાં આવીને મોટેથી બોલો. બધાને આશ્ચર્ય અને આઘાત લાગે તેવી ઘટના બની. આખ્ખે આખ્ખુ વાકય જ બદલાઈ ગયું હતું. પહેલી વ્યકિતથી ક્રમમાં છેલ્લી વ્યકિત સુધી વાકય પહોંચતાં મૂળ વાક્ય પોતાનું સત્ય ગુમાવી ચૂકયું હતું. 'ટેટાને બદલે બેટા' થઈ ગયુ હતું. જે ઘડામાં દૂધ ભરેલું હતુ તે અંતમાં પાણી ભરેલો સાબિત થયો હતો. એમાં વાંક કોનો ?

કમ્યુનિકેશન-પ્રત્યાયન આપણા જીવને જીવંત રાખવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે. યોગ્ય પ્રત્યાયન ન થવાને કારણે અને તેથી ગેરસમજ ઊભી થવાને કારણે બે વ્યકિતઓને અલગ થવાનો વારો આવતો હોય છે.

કશુંક પણ વ્યકત થવું જોઈએ. વ્યકત થાય તો ખાલી થવાય, વ્યકત થાય તો હળવા થવાય. અવ્યકતનો ભાર લાગે. કેટલાક ભારેખમ લોકોથી બીક લાગે ! શરીરથી ભારેખમ હોય એ તો જાણે સમજયાં પણ સાવ સૂકલકડી શરીર હોય ને તેમ છતાં 'ભારેખમ' હોય તેવા માણસોની હાજરીથી વાતાવરણ પણ ભારેખમ થઈ જતુ હોય છે.

અભિવ્યકિત શાની ? અભિવ્યકિત વિચારોની, લાગણીની, કળાની, સૌદર્યની અને દંભની પણ હોઈ શકે !

યોગ્ય દિશામાં, યોગ્ય જગ્યાએ, યોગ્ય રીતે, તેના મૂળ સ્વરૂપે વિચાર પહોંચે ત્યારે પ્રત્યાયન - કોમ્યુનિકેશન થયુ કહેવાય. પ્રત્યાયન એ અભિવ્યકિતનું મૂળ છે. કેટલીક બાબતો યોગ્ય રીતે વ્યકત ન થવાને કારણે જીવનમાં ઘણી મુશ્કેલીઓ સર્જાતી હોય છે. દંપતી વચ્ચે યોગ્ય કમ્યુનિકેશનના અભાવે 'કહયું કાંઈને સમજયું કશું' ની સ્થિતિ સર્જાય ત્યારે છૂટાછેડા સુધીની નોબત આવતી હોય છે. એક છેડાની વાત બીજા છેડા સુધી, મૂળ સ્વરૂપે પહોંચે તે જરૂરી છે. જીવનના પ્રત્યેક સંબંધો યોગ્ય વાતચિત પર આધારિત છે. પતિ-પત્નિ, પ્રેમી-પ્રેમિકા, વેપારી-ગ્રાહક, પ્રજા-નેતા, શિક્ષક-વિદ્યાર્થી વગેરે માનવ સંબંધોનો પાયો કમ્યુનિકેશનની યોગ્ય પધ્ધતિ છે.

'મારો કહેવાનો અર્થ આવો નહોતો.' 'હું જે કહું છું તે તમે બરાબર સમજયા નહતા.' 'મારા કહેવાનો સંદર્ભ જુદો હતો.' 'તમે મને સમજી શકતાં જ નથી.' 'મને કોઈ સમજતું જ નથી.' વગેરે ઉકિતઓ સંબંધો તૂટવાની સંભાવના દર્શાવે છે.

પ્રત્યેક સંબંધ તાજગી ઈચ્છે છે. સમજની જગ્યા ગેરસમજ અને વિશ્વાસની જગ્યા અવિશ્વાસ લઈલે ત્યારે સંબંધો વાસી થઈ જતાં હોય છે. વાસી સંબંધો પ્રથમ સડે, ગંધાય અને પછી તૂટે. સંબંધોની યથાર્થતા અને વિશ્વાસનીયતા યોગ્ય પ્રત્યાયન પર નિર્ભર છે. યોગ્ય પ્રત્યાયન ના થાય તો ગેરસમજ થાય. જયાં ગેરસમજ હોય ત્યાં સાચા સંબંધો જોખમાતા હોય છે.વર્ષો જૂના સંબંધોને તોડવાની તાકાત ગેરસમજમાં છે.

મિસરી

ચોપડીઓ વાંચે દિનરાત મુઓ સાયબો, વાંચે ના એક મારું મન..!

પંડિત બનીને એ પાંચમાં પૂછાય પણ બાળે એ મારું જીવન..!

-પ્રકાશ પરમાર

: santoshdevkar03@gmail.com

ગૃહમ્ ગૃહમ્ નાસ્તિ યદિ તત્ર ગૃહિણી નાસ્તિ

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

સત્તર દા'ડાની મુંને લાંઘણ હતી

તી વળી પારણું કરવાને જરી બેઠી...

હજી કોળીયો ભરું તિયાં સાસુજી બોલિયાં...

"વૌ, ઠાકોરજી પહેલા જમાડો !"

બે જીવસોતી મીં તો ઠાકોર જમાડ્યા...

બોલ્યાં કિચૂડ કિચૂડ પંડ્યનાં કમાડો

હજી કોળઈયો ભરું તિયાં સસરાજી બોલિયા :

'ડેલી ખખડે છે - ભેંસ આવી.'

બે જીવસોતી હું ઘોડી ડેલી ઉઘાડવા

મુંને વંટોળિયે ધૂળે નવરાવી !

હજી કોળિયો ભરું ત્યાં પડ્યાં મેડેથી છાણાં...

ને છાશભરી છીચકી ગૈ ફુટી

બે જીવસોતી હું મંડી પોતું કરવાને

મારી નણદું એ છાતીયું કૂટી

હજી કોળિયો ભરું તિયાં પરણ્યાજી બોલિયા :

'કાંસાની થાળી નથી જડતી ?'

બેય જીવસોતી બેય આંખ્યુંની માટલીમાં

નાની અમથીક તૈડ પડતી...

- અનિલ જોશી

કવિશ્રી અનિલ જોશીનું આ ગીત ઉત્તમ લોકગીત છે...

લાંઘણ-ઉપવાસ-નકોરડા ઉપવાસ... નાયિકા લાંબા સમયના નકોરડા ઉપવાસ પછી માંડ રોટલો ભાળી શકવાની સ્થિતિ પર પહોંચી છે... પારણાનો સમય આવ્યો છે...

પરંતુ હજી કોળિયો ભરતી જ હોય છે ને ! હુકમ થાય છે સાસુમા નો કે ઠાકોરજી જમાડો... ઘરની સાક્ષાત્ લક્ષ્મી માંડ પારણા કરવા બેઠી છે તે સમયે સ્થૂળ મૂર્તિની આળપંપાળ માટે વળી ટોકવામાં આવે છે...

અને ગીતમાં શબ્દો ઉદ્ઘાટીત થાય છે કે 'બે જીવસોતી'- નાયિકા સગર્ભા છે... આવા સમયમાં નકોરડા ઉપવાસ પછી શાં હાલ થાય છે ? તે માત્ર કલ્પવું જ રહ્યું...

મનુ સ્મૃતિના એક શ્લોક મુજબ 'ગૃહમ્ ગૃહમ્ નાસ્તિ યદિ તત્ર ગૃહિણી નાસ્તિ, યદી તત્ર ગૃહિણી નાસ્તિ' ઘર એ ઘર ત્યાં સુધી નહીં જયાં સુધી ત્યાં તે ઘરમાં ગૃહિણી નથી...

ગીતના પછીના શબ્દો અને તેની હૃદયદ્રાવક ચીતાર આપનારી પંક્તિઓ સુજ્ઞ વાચકો વાંચે એટલે તેમની પણ આંખોની ઢોચકીમાં તડ જરૂર પડશે જ. કવિતાનું રસદર્શન કરાવવાની જરૂર નથી. આ ગીતનું પરિપ્રેક્ષ્ય ભલે ગામડાનું એક વર્ષો જૂનું ઘર હોય અને આજના સંજોગો પ્રમાણે બાહ્ય કલેવર ભલે બદલાઈ ગયા હોય... પરંતુ ગીતનો અંતર આત્મા મૂળ ભાવ જે કહેવા માગે છે. તે હજી બદલાયો નથી...

લલિતા પવાર જેવી સાસુ, કે શશિકલા જેવી નણંદોના જમાના હવે નથી રહ્યા... પરંતુ મંથરા કે કૈકેયીના પાત્રો તો સિમ્બોલિક જ હોય છે...

જમાનો સો જોજનો દૂર વિકાસની કેડી ભલે કંડારી ગયો હોય પરંતુ હજી મનના જાળા સાફ નથી થયા... અને આશ્ચર્યજનક રીતે શિક્ષિત પરિવારોમાં હોળી વધુ સળગતી હોવાના દાખલા નજરે ચડે છે...

સાસુ કદિ માતા બની શકે નહીં અને વહુ કદી દીકરી બની શકે નહીં... આ વાત તો જાણે હવે પથ્થરની લકીર સમજી લેવાઈ છે...

જો કે અપવાદરૂપ ઘણા પરિવાર જોવા મળે છે, જયાં સાસુ-વહુ - મા-દીકરીની જેમ કે સખીની જેમ રહેતી હોય છે...

બાજરાના રોટલાથી માંડીન પીઝાના રોટલા સુધી આપણે હરણફાળ ભરી લીધી છે, તેમ સાવરણીથી વેક્યુમ ક્લિનર આવી ગયા... માટલા ભરવાના કૂવાના સમયથી 'આર.ઓ.' પ્લાન્ટ લાગી ગયા, પણ ત્તોતર મણનો 'પણ' આપણા મનને હજી સુધી આપણા વિચારોને હજી એટલા બધા આગળ લઈ જઈ શક્યા છીએ ખરા ?

સાવ નાની અને ક્ષુલ્લક વાતોનું ધ્યાન રાખવાથી ગૃહિણી ખુશ થઈ જતી હોય છે... પરંતુ આપણે ત્યાં પરંપરાઓ ચાલે છે... સારુ-વહુની જે શીત ગૃહયુદ્ધની મિસાઈલ ફેંકાતી હોય છે, તે સમય જતાં રોલ પ્લે બદલાય છે - વહુ જયારે સાસુના હોદ્દા પર પહોંચે ત્યારે, પોતાના વહુપણાનો ભાર લઈને બેઠી હોય છે અને ભૂતકાળના ભાથાના તીરને જે સાચવી રાખ્યા હોય છે, તેને ધાર દેતી હોય છે.

આ બધું માનવસહજ રીતે ચાલ્યુ આવે છે, અને ગીતની નાયિકાની જેમ સામાન્ય કોઈ પણ ઘરની નાયિકા આ બધા ઝંઝાવાતને ખમી જાય છે... પણ જયારે પોતાનો ધણી, સહજીવન - પાયન કરનાર સમપદી સાથે ચાલનાર જીવનસાથી પણ જયારે તેની મૂંઝવણને જાણી શકતો નથી ત્યારે ગૃહિણીનો ધૈર્યનો બાંધ તૂટી પડે છે... તેનો માહ્યલો આક્રંદ કરી ઊઠે છે...

દેખીતી ઘરેલું હિંસા ભલે ઘરોમાં ઓછી જોવા મળતી હોય... પરંતુ માનસિક અને મનોવૈજ્ઞાનિક હિંસા તો થતી જ રહેતી હોય છે...

'પરબ' માં હિમાંશી શેલતના વિચારો કંઈક આ જ સ્થિતિને બયાન કરે છે - 'આદર્શોના ઓડકાર ખાતા આપણા સમાજે કોઈ એક, કાળે પ્રત્યેક સ્ત્રી માટે એક આદર્શ ખોખું તૈયાર કરી આપ્યું હતું. પછી સ્ત્રીનું કામ સરળ હતું. જાતને આમથી તેમ વ્હેરી કરી, ખાંચા-ખૂંચા સારૂ કરી ખોખામાં બંધબેસતા થઈ જવાનું...'

ઉપરનું વિધાન એકદમ બંધબેસતું છે - આજની વ્યવસ્થાને... ત્યાગમૂર્તિ, નારાયણી, ગૃહલક્ષ્મી જેવા વિશેષણોથી નવાજીને સ્ત્રીને ખૂબ ઉચ્ચ સ્થાન તો આપણે આપી દીધું, પરંતુ છતાં હજી તેને જોઈતા ક્ષુલ્લુક અને નજીવા સમ્માન, નિર્ણયમાં સમાનતા, કે અભિપ્રાયનું સ્વાતંત્ર્ય આપણે ખરા અર્થમાં આપી શક્યા છીએ ખરા !

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સામાન્ય માણસો અખૂટ પરિશ્રમ દ્વારા નિર્ધારિત લક્ષ હાંસલ કરે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'હું હરિયાણાના જે ગામમાં રહું છું ત્યાં અખબાર પણ નથી આવતું, મજબૂત મનોબળ અને સંકલ્પશક્તિ જીવનમાં હોય તો બધું જ શક્ય છે...'

હરિયાણાની અનુકુમારીએ એક અખબાર સાથે કરેલી વાતચીતના આ શબ્દો છે.

યુપીએસસી દ્વારા તાજેતરમાં જે પરિણામની જાહેરાત કરવામાં આવી તેમાં બીજા ક્રમે આવેલી, ચાર વર્ષના પુત્રની માતા અનુકુમારીએ કહેલા આ શબ્દો સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થયા છે. પરિણિત યુવતી અને એક બાળકની માતા અનુકમારીએ તમામ મુશ્કેલીઓ કે પરિસ્થિતિઓને તડકે મુકીને માત્રને માત્ર યુપીએસસી પાસ કરવા પર લક્ષ આપ્યું જેના કારણે આજે તેના ઉપર દેશભરમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

રોજ ૧૦-૧૨ કલાકની મહેનત, ઘરની જવાબદારી વચ્ચે અદ્ભૂત સંકલન કર્યું અનુકુમારીએ. ઈન્ટરવ્યુમાં ઉમેર્યું

હતું કે, 'પરીક્ષાની તૈયારી કરવામાં મને ઈન્ટરનેટ બહુ જ મદદરુપ થયું છે.' દિલ્હી યુનિ.માંથી ફીઝીકસ સાથે સ્નાતક આ યુવતીએ આઈ.એમ.ટી. નાગપુરથી એમ.બી.એ. કર્યું છે.

સિવિલ સર્વીસીસ પરિક્ષાની તૈયારી કરવા નોકરી છોડીને સખત મહેનત કરી હતી. અનુકુમારીએ પરિણામ આવ્યું ત્યારે તેણીનું એક સપનું સાકાર થયાનું અનભવાયું. તેણી ઉમેરે છે કે, 'મારે આઈએએસ' થવું છે, દેશમાં રહીને સેવા કરવી છે, અને સ્ત્રીઓને સુરક્ષા તથા સલામતી મળે તે દિશામાં પ્રાથમિકતા આપવી છે.' પહેલીવાર જયારે પરીક્ષા આપી ત્યારે સાવ થોડા માર્કસ માટે તે રહી ગી હતી. પણ હિંમત હારી નહીં અને બીજીવારના પ્રયાસો દેશભરમાં બીજું સ્થાન મેળવ્યું.

યુપીએસસીના ફાઈનલ પરિમામમાં ગુજરાતમાંથી ૨૦ ઉમેદવારો સફળ થયા એની વાત ચર્ચામાં છે. એમાંના કેટલાકે પોતાની વાત કોઈ અખબાર કે અન્ય માધ્યમ દ્વારા કહી ત્યારે એમાં સર કોમન એ હતો કે પોતે નક્કી કરેલો એકમાત્ર લક્ષ્યની જ દિશામાં આગળ વધવા માટેનું સમર્પણ હોય તો જ સફળ થવાય છે. અડચણો - સંઘર્ષો - નિરાશા - મેણાંટોણાં - સ્ટ્રેસ - આર્થિક અને સામાજિક મુંઝવણ બધું જ આવે છે છતાં જયાં સુધી સફલતા ન મળે ત્યાં સુધી ટકી રહેવાની ક્ષમતા હોય એ જ આખરે વિજેતા નીવડે છે.

માત્ર શિક્ષણ ક્ષેત્રે જ નહિ, જીવનના પ્રત્યેક તબક્કે અને દરેક ક્ષેત્રે જેમણે જેમણે સફળતાઓ મેળવી છે એમના સંઘર્ષો જોઈએ ત્યારે સમજાય છે કે બહુ લાંબો શારીરિક - સામાજિક - માનસિક - ને આર્થિક સંઘર્ષ એમણે કર્યો હોય છે. એમાં થોડાક એવાયે હશે જેમનાં પ્રારબ્ધે બધું સરળતાથી મળ્યું હોય, પરંતુ મોટાભાગનાને સંઘર્ષ પછી જ, પુરુષાર્થ ને પ્રાર્થના પછી જે ફળ મળ્યું છે.

હમણાં અમદાવાદમાં સેવા એકેડમી દ્વારા જર્મનીની કોઈ સંસ્થા સાથેના પ્રોજેક્ટના ૯ વર્ષ પૂરા થયા નિમિત્તે ૩૦ મહિલાનું સન્માન થયું જેઓ પરિક્ષમ કરીને સ્વમાનભેર જીવન જીવતી થઈ. પ્રેમિલાબેન 'સેવા' સંગઠનમાં રોજની રૂા. ૫૦ની બચત કરીને આરંભ કર્યો તે આજે ખાખરા બનાવવાનું કારખાનું ધરાવે છે. કિંજલ નામની યુવતીએ ઘરકામ માટે શાળા છોડ્યાના આઠ વર્ષે પછી ફરી ભણવાનું શરૂ કર્યું ને ધોરણ ૧૨ની પરીક્ષા પણ આપી છે. પ્રાર્થના બહેનના બે બાળકો છે ને બંને થેલેસેમિયા મેજરના રોગ ધરાવે છે, પરંતુ તેમણે હાર ન માની અને કમ્પ્યુટર શીખીને આજે બાલકોના સપના પુરા કરવા અર્બન સેન્ટરમાં જોબ કરે છે. જેઓ સમય - સંજોગ પરિસ્થિતિથી ગભરાયા વિના યોગ્ય દિશામાં સતત આગળ વધીને સિદ્ધિઓ મેળવતા રહે છે.

લોક કહેવતમાં કહેવાયું છે કે 'મન હોય તો માળવે જવાય...' આ ઉક્તિનો ભાવાર્થ એ જ કે મજબૂત મનોબળ અને સંકલ્પ શક્તિ જ આખરે માનવીના જીવનનું ઘડતર કરે છે. મહાત્મા ગાંધી - સરદાર પટેલ - મહારાણા, શિવાજી કે વીર શહીદ ભકતસિંહ જેવાના જીવનચરિત્રો વાંચીએ ત્યારે આ વાતો સત્યરુપે નજર સામે આવે છે.

આજે પણ સાવ સામાન્ય માણસો અખૂટ પરિશ્રમ દ્વારા નિર્ધારિત લક્ષ હાંસલ કરે છે, વ્યક્તિગત અને સામૂહિક રીતે સિદ્ધિઓ મેળવે છે ત્યારે સંકલ્પ શક્તિના દીવડા પ્રગટે છે અને તેમાંથી જ સિદ્ધિઓના અજવાળા રેલાય છે.

●●●

તેજ પૂંજ :
Cultivate within Yourselves the mights power of self - discipline.